# તમિળનાડુ અને આંધ્રપ્રદેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ

ચેન્નાઈ, હૈદરાબાદ,તા.૧

નિલમ વાવાઝાડું ચેન્નઈ અને અન્ય ઘણા વિસ્તારોમાં નુકસાન કરીને નબળુ પડી ગયુ હોવા છતાં તેની અસર હજુ પણ દેખાઈ રહી છે. જેના પરિણામસ્વરૂપે તમિળનાડુ અને આંધ્રપ્રદેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ યથાવતરીતે જારી રહ્યો છે. તમિળનાડુના દરિયાકાંઠે બપોરે નિલમ વાવાઝોડું ત્રાટક્યા બાદ ચેન્નઈમાં ભારે વરસાદ વેળા ઓઈલ ટેન્કર પ્રતિભાકાવેરીમાં રહેલા ૧૫ સભ્યોને આજે સવારે ભારતીય કોસ્ટગાર્ડના જવાનો દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. જો કે જાપાનીઝ બનાવટના જહાજના છ સભ્યો હજુ પણ લાપત્તા બનેલા છે. તેમને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. સાવચેતીના તમામ પગલા હજુ પણ લેવાયેલા છે. આંધ્રપ્રદેશ અને તમિળનાડુમાં ભારે વરસાદથી જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયુ છે. હૈદરાબાદથી મળેલા અહેવાલ મુજબ નિલમની અસર હેઠળ આંધ્રના તમામ ભાગોમાં ભારે વરસાદ થયો હતો. અહીં ત્રણ લોકોના મોત થયા છે. નેલ્લોર, પ્રકાશમ અને ગંતુર જિલ્લામાં જનજીવન ખોરવાઈ ગયુ છે. આગામી ૨૪ કલાકમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

વાવાઝોડું નિલમ ધારણા કરતા ઓછુ નુકસાન કરી પસાર થઈ ગયા બાદ તંત્રને મોટી રાહત થઈ છે. ચેન્નાઈ પોર્ટ ટ્રસ્ટના અધિકારીઓએ કહ્યું છે કે સાવધાની હજુ પણ રાખવામાં આવી રહી છે. આંધ્રપ્રદેશમાં ત્રણ લોકોના મોત થઈ ચૂક્યા છે. તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં નિલમ વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. હવામાન ખાતાએ કહ્યું છે કે અંદામાન અને નિકોબાર દ્વીપમાં ૧૦ દિવસ અગાઉ હળવા દબાણની સ્થિતિ સર્જાઈ હતી જે આગળ વધતાં વાવાઝોડામાં ફેરવાઈ જતાં સ્થિતિ ગંભીર બની ગઈ હતી. આંધ્રપ્રદેશના ઉત્તર પશ્ચિમ તરફ વાવાઝોડું આગળ વધ્યું હતું. સાવચેતીના તમામ પગલાં પહેલા થઈ જ લેવામાં આવી ચૂક્યા હતા. ચેન્નાઈમાં સૌથી વધારે નુકસાન થયું છે. અહીં પ્રચંડ પવન ફૂંકાવાના કારણે ૨૦૦થી વધુ વૃક્ષો ધારાશાયી થઈ ગયા હતા. સાથે સાથે



૫૦ જેટલા વીજળીના થાંભલા પડી ગયા હતા. કલાકો સુધી અંધારપટ્ટની સ્થિતિ રહી હતી. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ભારે વરસાદ અને તોફાની પવનના કારણે ઘણા વિસ્તારોમાં વીજળી કાંપી દેવામાં આવી હતી. ચેન્નાઈ સ્કૂલ અને કોલેજોમાં સોમવારથી જ રજા જાહેર કરવામાં આવી હતી. શુક્રવાર સુધી હવે સ્કૂલ કોલેજો નહીં ખૂલે તેવી શક્યતા દેખાઈ રહી છે. વાવાઝોડું ત્રાટકે તે પહેલા મહાબલી પુરમમાં ૪૦૦૦ લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા. આ તમામ લોકોને રાહત કેમ્પોમાં લઈ જવામાં આવ્યા હતા. સરકારી કચેરીઓ અને ઘણી બધી સંસ્થાઓ બંધ રાખવામાં આવી હતી. તામિલનાડુની જેમ આંધ્રપ્રદેશમાં પણ વધારે નુકસાન ટળી ગયું છે. દક્ષિણ દરિયાકાંઠાના વિસ્તારોમાં કોઈ નુકસાન થયું નથી. અલબત્ત નેલ્લોર જિલ્લાના ૧૬ મંડળોના આવેલા ગામમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. નેલ્લોર, પ્રકાશમ, ગંતૂર અને ચિત્તુર જિલ્લામાં ભારે વરસાદ થયો છે. હૈદરાબાદમાં મહેસૂલ, રાહત અને પુન વસવાટ પ્રધાન રઘુવીરા રેડ્ડી દ્વારા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે. પ્રધાને કહ્યું છે કે એલર્ટની જાહેરાત હજુ પણ કરવામાં આવી છે. બચાવ કામગીરી ઉપર નજર રાખવા નેલ્લોર, ચિત્તુર અને પ્રકાશમ જિલ્લામાં ત્રણ વરિષ્ઠ અધિકારીઓને મોકલવામાં આવ્યા છે.

# સાતમા બાટલાની કિંમતમાં વધારો

નવી દિલ્હી,તા.૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર આજે વધુ એક બોજ ઝિંકી દેવામાં આવ્યો હતો. છ સબસિડી વાળા સિલિન્ડરો ખરીદવામાં આવ્યા બાદ વર્ષમાં તેનાથી વધુ સિલિન્ડર ખરીદવા ઈચ્છુક લોકોને હવે વધુ રૂપિયા ચૂકવવા પડશે આનો મતલબ એ થયો કે બિનસબસિડી વાળા રાંધણગેસ અથવા તો એલપીજી સિલિન્ડરની કિંમતમાં સિલિન્ડરદીઠ ૨૬.૫૦ રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે આની સાથે જ કિંમત વધારીને ૯૨૨ રૂપિયા કરી દેવામાં આવી છે જે સામાન્ય લોકો પર મોટા બોજ સમાન રહેશે. મજબુત આંતરરાષ્ટ્રીય કિંમતોના આધાર પર આ ફેરફાર કરવામાં આવ્યો છે. સબસિડીના રેટ ઉપર છ એલપીજી સિલિન્ડર ખરીદવામાં આવ્યા બાદ ગ્રાહકો જે સાતમા ગેસ સિલિન્ડરની ખરીદી કરશે તેના માટે દિલ્હીમાં હવે ૮૯૫.૫૦ રૂપિયાના બદલે ૯૨૨ રૂપિયાનો ખર્ચ કરવો પડશે. અન્ય રાજ્યોમાં પણ અન્ય



ટેક્સ સાથે કિંમત ચૂકવવી પડશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. દેશના સૌથી મોટા ફ્યુઅલ રિટેલરે કહ્યુ છે કે ગેસ સિલિન્ડર જે બિનસબસિડી વાળા છે તેની કિંમતમાં વધારો ઝિંકી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે સરકારે સપ્ટેમ્બર મહિનામાં જંગી અને કઠોર નિર્ણય કર્યો હતો જેના ભાગરૂપે એક વર્ષમાં એક પરિવારને માત્ર છ જ સબસિડી વાળા એલપીજી સિલિન્ડિર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આનાથી વધુની જરૂરિયાત માટે લોકોએ હવે માર્કેટ રેટની કિંમતે સિલિન્ડર ખરીદવા પડશે. એનો મતલબ એ થયો કે આની કિંમત બે ગણી રહેશે. દિલ્હીમાં સબસિડી વાળા ગેસ સિલિન્ડરની કિમત ૪૧૦.૪૨ રૂપિયા છે. ઓઈલ કંપનીઓ અગાઉના મહિના દરમિયાન આયાતના ખર્ચ અને રૂપિયા-ડોલરના રેટ ઉપર આધારિત દર મહિને બિન સબસિડીવાળા એલપીજીની રેટ નક્કી કરે છે. જો કે બિનસબસિડીવાળા સિલિન્ડરોની ખરીદી પર કોઈ પણ પ્રકારનો અંકુશ મુકવામાં આવ્યો નથી. સબસિડીવાળા છ સિલિન્ડર ખરીદવામાં આવ્યા બાદ બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરો બજાર રેટ ઉપર લોકો સરળતાથી ખરીદી શકે છે.

વારંવાર આ અંગે સરકારે સ્પષ્ટતા પણ કરી છે. દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૧૦૫ રૂપિયા થઈ જશે. જ્યારે ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત ૧૫૫૧ રૂપિયા થઈ જશે. બિનસબસિડીવાળા ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના રેટ અંગે પણ આવી જ ગણતરી રહેશે. નવી સ્કીમ હેઠળ ઓઈલ કંપનીઓ હવે બિનસબસિડીવાળા ૧૪.૨ કિલોગ્રામ વાળા એલપીજી સિલિન્ડરની માસિક કિંમત જાહેર કરશે જે આંતરરાષ્ટ્રીય બજાર પર આધારિત રહેશે. સબસિડી વાળા સિલિન્ડર દિલ્હીમાં ૪૧૦.૪૨ રૂપિયા રહેશે જ્યારે બિન સબસિડી વાળા એલપીજી સિલિન્ડરના માર્કેટ રેટ ફ્યુઅલ રિટેલર દ્વારા માસિક આધારે રહેશે. હાલમાં આંતરાષ્ટ્રીય એલપીજી માર્કેટમાં ખુબજ જટિલ સ્થિતિ પ્રવર્તી રહી છે.

# સોનિયા ગાંધી-રાહુલે ૧૬૦૦ કરોડની સંપત્તિ મેળવીઃ સ્વામી

નવી દિલ્હી, તા.૧

જનતાપાર્ટીના પ્રમુખ સુબ્રમણયમ સ્વામીએ આજે નહેરુ-ગાંધી પરિવારને ટાર્ગેટ બનાવીને ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. ઈન્ડિયા એગેઈન્સ્ટ કરપ્શનના નેતા અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા ઉપર આકરા પ્રહાર કર્યા બાદ હવે સુબ્રમણયમ સ્વામીએ પણ ગંભીર પ્રકારના આક્ષેપો કરીને કોંગ્રેસની મુશ્કેલી વધારી દીધી છે. સુબ્રમણયમ સ્વામીએ આજે આક્ષેપ કર્યો હતો કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૬૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ એકત્રિત કરી લીધી છે. એક બનાવટી કંપની ચલાવવા અને સરકારી સુવિધાનો દુરુપયોગ કરવાનો આક્ષેપ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પર કરવામાં આવ્યો છે. પત્રકાર પરિષદને સંબોધતા સ્વામીએ આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધી અને સોનિયા



ગાંધી યંગ ઈન્ડિયન નામથી ચાલતી કંપનીમાં ૭૬ ટકા માલિકી ધરાવે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે વર્ષ ૨૦૦૮માં લોકસભાની ચૂંટણી માટે તેમના ઉમેદવારી પત્ર દાખલ કરતી વેળા ચૂંટણીપંચ સમક્ષ તેમના એફિડેવિટમાં આ કંપની અંગે રાહુલે કોઈ વાત કરી ન હતી. તેમણે ઉમેર્યુ હતુ કે જાહેર નાણાંને ખાનગી માલિકીની કંપનીના નાણાંમાં ફેરવી નાંખવામાં આવી રહ્યા હતા.

સ્વામીએ દાવો કર્યો હતો કે કંપનીની બેઠકો સોનિયા ગાંધીને ફાળવવામાં આવેલા સરકારી સત્તાવાર આવાસ ઉપર યોજાઈ રહી હતી. આ બેઠકો ૧૦ જનપથ ઉપર યોજાઈ હતી જે કાયદાની બિલકુલ વિરુદ્ધમાં છે. તેમણે કહ્યુ હતુ કે યંગ ઈન્ડિયન હવે દિલ્હીમાં હેરાર્ડ હાઉસ નામે છે અને તેમાં બે ફ્લોર છે. આને પાસપોર્ટ ઓફિસને ભાડા પર આપી દેવામાં આવી છે જે ભાડા તરીકે મહિને ૩૦ લાખ રૂપિયા ચુકવે છે. આ રકમ પૈકી ૭૬ ટકા રકમ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને મળે છે. સ્વામીએ સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરી છે.

# બીબી જાગીરકૌરને સાત માસ બાદ જામીન મળ્યા

ચંદીગઢ, તા.૧

પંજાબના ભૂતપૂર્વ પ્રધાન બીબી જાગીરકૌરને આજે તેમની પુત્રીની હત્યા સાથે સંબંધિત મામલામાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા જામીન આપી દેવામાં આવ્યા હતા. આશરે સાત મહિના બાદ જાગીરકૌરને જામીન મળ્યા છે. પુત્રીની હત્યાના સંબંધમાં બળજબરીપૂર્વક અપહરણ, ખોટી રીતે પકડી રાખવા અને અન્ય મામલામાં જાગીરકૌરને અપરાધી ઠેરવવામાં આવ્યાના સાત મહિના બાદ જામીન આપવામાં આવ્યા છે. જસ્ટીસ એકે મિત્તલ અને જસ્ટીસ જીએસ સંધવાલિયાની બનેલી ડિવિઝન બેંચે વિદેશ જતા પહેલા કોર્ટની પરવાનગી લેવા કૌરને આદેશ આપ્યો હતો. શિરોમણી ગુરુ દ્વારા પ્રબંધક સમિતિના પૂર્વ પ્રમુખ જાગીરકૌરને પાંચ વર્ષની જેલની સજા કરાઈ હતી અને ૫૦૦૦ રૂપિયાનો દંડ કરાયો હતો. આ વર્ષે માર્ચ મહિનામાં પટિયાલાની ખાસ સીબીઆઈ અદાલત દ્વારા જાગીરકૌરને આ દંડ કરાયો હતો. અપરાધી ઠેરવવામાં આવ્યાના એક દિવસ બાદ જાગીરકૌરે પ્રધાન તરીકે રાજીનામું આપ્યુ હતુ. જાગીરકૌર હાલમાં કપુરથલાની જેલમાં હતા. આ કેસમાં અન્ય ત્રણ લોકોને પણ અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. હરપ્રિત રહસ્યમય સંજોગોમાં ૨૦મી એપ્રિલ ૨૦૦૦ના દિવસે મૃત હાલમાં મળી આવી હતી. હરપ્રિત કૌરનું મોત કુદરતી હોવાનું તારણ આપવામાં આવ્યુ હતુ ત્યારબાદ તેના ઉતાવળમાં અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. હરપ્રિતના મોતના થોડાક દિવસ બાદ પડોશીએ દાવો કર્યો હતો કે આમા તપાસની જરૂર છે.

# કેજરીવાલ સત્તાની લાલચ હોઈ શકે છે : અણણા હજારે

રાલેગનસિદ્ધિ, તા.૧

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હજારે અને તેમના જુના મિત્ર અરવિંદ કેજરીવાલ વચ્ચે ખેંચતાણની બાબત ફરી એકવાર સપાટી પર આવી છે. અણણા હજારેએ આજે કહ્યુ હતુ કે તેમના મિત્ર અરવિંદ કેજરીવાલને સત્તા માટે લાલચ હોઈ શકે છે. અણણાના આ નિવેદનથી વધુ વિવાદ થવાની શક્યતા છે. અણણાએ કહ્યુ હતુ કે ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શનના નેતા કેજરીવાલને પૈસા માટે કોઈ લાલચ નથી પરંતુ સત્તા માટે લાલચ હોઈ શકે છે. અણણાએ એક સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યુ હતુ કે અરવિંદ કેજરીવાલમાં બલિદાનની ભાવના ચોક્કસપણે છે. તેઓ પોતાના પરિવાર કરતા દેશ અને સમાજ માટે વધારે વિચારી રહ્યા છે. કેજરીવાલને પૈસાની બિલકુલ લાલચ નથી. પરંતુ કેજરીવાલ જ્યારથી રાજકારણમાં



આવી ગયા છે. ત્યારથી સત્તા માટે લાલચ હોઈ શકે છે. અરવિંદ કેજરીવાલ પણ સત્તા માટેની લાલચમાં ફસાઈ ગયા છે તે અંગે પૂછવામાં આવતા અણણાએ કહ્યુ હતુ કે ચોક્કસપણે સંભાવના હોઈ શકે છે. પરંતુ કેજરીવાલને અન્ય કોઈ પણ લાલચ નથી.

તાજેતરમાં જ અરવિંદ કેજરીવાલે જુદાજુદા રાજકારણીઓનો ટાર્ગેટ બનાવીને અનેક ખુલાસા કર્યા છે. કેજરીવાલે સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા અને ડીએલએફ વચ્ચેના કારોબાર, ભાજપ પ્રમુખ નીતિન ગડકરીના ભ્રષ્ટાચાર તથા છેલ્લે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના વડા મુકેશ અંબાણી ઉપર સીધા પ્રહાર કર્યા છે. અણણાએ કહ્યુ હતુ કે કેજરીવાલને એક પછી એક રાજકીય નેતાઓ સામે આક્ષેપ કરવાને બદલે એક એક કરીને આના પર કામ કરવું જોઈએ અને દરેક આરોપને અંજામ સુધી પહોંચાડવા જોઈએ. અણણાએ કહ્યુ હતુ કે એકજ વખતે તમામને પકડી લેવાની જરૂર નથી. એક એકને પકડવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભ્રષ્ટાચાર સામેની લડાઈ કેજરીવાલે અણણાના નેતૃત્વમાં શરૂ કરી હતી પરંતુ મોડેથી બંને છુટા પડી ગયા હતા. કારણ કે કેજરીવાલે રાજકીય પાર્ટી બનાવવાની જાહેરાત કરી હતી. આ બાબતથી અણણા સહમત ન હતા. સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણાના આજના નિવેદનને ખુબજ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે.

# ઓબામાએ ન્યૂજર્સી પહોંચીને ચક્રવાતી વાવાઝોડા સેન્ડીથી થયેલા નુકસાનની સમીક્ષા કરી

વોશિંગ્ટન, તા.૧

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ન્યૂજર્સી પહોંચીને ચક્રવાતી વાવાઝોડા સેન્ડીથી થયેલા નુકસાનની સમીક્ષા કરી ચૂક્યા છે. સાથે સાથે આ કુદરતી હોનારતનો સામનો કરવામાં તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી પણ આપી છે. ઓબામા પોતાના રાજકીય હરીફ અને ન્યૂજર્સીના ગવર્નર ક્રિસ ક્રિસ્ટીનની સાથે પહોંચ્યા હતા. ક્રિસ્ટી ઓબામાના તીવ્ર ટીકાકાર છે તથા રિપબ્લિકન ઉમેદવાર મીટ રોમનીના સમર્થક છે. જો કે ક્રિસ્ટીએ હાલમાં રાજ્યના લોકોની મદદ કરવા માટે પ્રમુખ બરાક ઓબામાના પ્રયાસોની પ્રશંસા કરી છે.

છેલ્લા સપ્તાહમાં આવેલા વાવાઝોડા સેન્ડીના કારણે આ રાજ્યમાં ભારે નુકસાન થયું હતું. લાખો લોકોને વીજળી વગર રહેવાની ફરજ પડી છે. હજારો મકાનો ધારાશાયી થઈ ચૂક્યા છે. ન્યૂજર્સીના ગવર્નરે ઓબામાની સાથે રાજ્યના પ્રવાસ બાદ કહ્યું હતું કે વાવાઝોડા પહેલાં પણ ઓબામાએ ખૂબ સારું કામ કર્યું છે. છઠ્ઠી વખત બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ છે. ક્રિસ્ટીએ કહ્યું હતું કે જે કામ કરવા માટે લોકોએ અમને ચૂંટી કાઢ્યા છે તે કામ કરવા માટે અમારી વચ્ચે ખૂબ સારા સંબંધ રહ્યા છે.

અમારા રાજ્યમાં અને લોકો માટે ઓબામાએ જે કામગીરી કરી છે તેના માટે ઓબામા પ્રશંસા પાત્ર છે. ઓબામાએ પણ ક્રિસ્ટીનની પ્રશંસા કરતા કહ્યું છે કે સંકટના સમયમાં ક્રિસ્ટીનની કામગીરી ખૂબ જ જવાબદારી ભરેલી રહી છે. અમેરિકાના ઈતિહાસમાં ચૂંટણી સૌથી ખર્ચાળ બની રહી છે. રોમની અને ઓબામા વચ્ચે મુખ્ય સ્પર્ધા ઉપર સમગ્ર વિશ્વની નજર છે. છઠ્ઠી નવેમ્બરના દિવસે ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે.

# મારા પર હિંસક હુમલા થઈ શકે છે : કેજરીવાલ

ફરુકાબાદ, તા.૧

વિદેશમંત્રી સલમાન ખુરશીદના સંસદીય મત વિસ્તાર ફરુકાબાદમાં તેમના બિનસરકારી સંગઠનની સામે રેલી કરવા જતી વેળા ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શનના નેતા અરવિંદ કેજરીવાલે એવી દહેશત વ્યક્ત કરી હતી કે તેમના પર હુમલો થઈ શકે છે. ફરુકાબાદ માટે રવાના થતા પહેલા કેજરીવાલે લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે તેઓ જેની સામે રેલી યોજના જઈ રહ્યા છે તે લોકો શાંતિથી બેસી રહેશે નહીં. હુમલાઓ પણ થઈ શકે છે. જો કે કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ બિલકુલ ભયભીત નથી કારણ કે તેમની જાન ભગવાનના હાથમાં છે. સલમાનના હાથમાં નથી. દરમિયાન કેજરીવાલે ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટી સરકાર ઉપર પણ સલમાન ખુરશીદને બચાવવાનો સીધો આક્ષેપ કર્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે સલમાન ખુરશીદના બિન સરકારી સંગઠન જાકીર હુસૈઈન ટ્રસ્ટ પર વિકલાંગોને સાધનોના વિતરણના નામે મળેલી રકમનો દુરુપયોગ કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે.

# સરકારના એજન્ડામાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેકટરમાં ૧ ટ્રિલિયન ડોલરના લક્ષ્યાંકને પ્રાથમિકતા : મનમોહનસિંહ

## વિકાસની પ્રક્રિયાને ધીમી કરવા માટે જવાબદાર પરિબળોને દૂર કરવાના તમામ પ્રયાસ કરાશે : પ્રધાનોને તેમની કામગીરી ઉપર ધ્યાન આપવા સૂચન

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે સરકારના એજન્ડામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટોચ ઉપર છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ઉંચી મહેસૂલી ખાદ્યના પરિણામસ્વરૂપે મૂડીરોકાણને માઠી અસર થઈ છે. સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં એક ટ્રિલિયન ડોલરના મૂડીરોકાણના ટાર્ગેટ સુધી પહોંચવા તમામ પ્રકારની અડચણોને દૂર કરવા પ્રયાસ કરશે. સિંહે કહ્યુ હતુ કે ૧૨મી યોજના દરમિયાન આ ક્ષેત્રમાં આશરે એક ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવામાં આવશે. કેન્દ્રિય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા બાદ મંત્રી પરિષદની પ્રથમ બેઠકને સંબોધિત કરતા સિંહે કહ્યુ હતુ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે નક્કી કરવામાં આવેલા ટાર્ગેટ હાંસલ કરવા આડે રહેલી તમામ અડચણને દૂર કરાશે. જે અડચણો રોકાણને ધીમે કરી રહી છે તેને પણ દૂર કરાશે. ૧૨મી પંચવર્ષીય યોજનાને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મૂડીરોકાણના ટાર્ગેટને હાંસલ કરવામાં જે અડચણો આવી રહી છે તેમાં ફ્યુઅલ સપ્લાય વ્યવસ્થા, સુરક્ષા અને પર્યાવરણને મંજુરી તથા નાણાંકીય મુશ્કેલીઓનો




સમાવેશ થાય છે. હાલમાં જ ફેર રચવામાં આવેલી મંત્રી પરિષદની પ્રથમ બેઠકમાં વડાપ્રધાને તમામ મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. સિંહે કહ્યુ હતુ કે સરકારના એજન્ડામાં ઘણીબધી બાબતો પ્રાથમિકતામાં છે. વડાપ્રધાને તેમની કામગીરીમાં ધ્યાન આપવા અને કોઈ વાંધાજનક નિવેદન ન કરવા તમામ પ્રધાનોને પણ અપીલ કરી હતી. મંત્રી પરિષદમાં ઘણા યુવા અને ઉર્જાવાળા લોકો સામેલ થયા છે. વરિષ્ઠ કેબિનેટ પ્રધાનોને રાજ્યસ્તરના મંત્રીઓની કામગીરી અને તેમને સહકાર આપવા અપીલ કરી હતી. સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતનું ભાવિ ખુબજ ઉજ્જવળ છે. અમે નક્કી કરવામાં આવેલા લક્ષ્ય હાંસલ કરવા સક્ષમ છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે દુનિયાભરમાં આર્થિક સ્થિતિ ખુબજ જટિલ બનેલી છે.

ભારત ઉપર પણ તેની અસર થઈ છે. જેના પરિણામસ્વરૂપે વિકાસની ગતિ ધીમી પડી છે. નિકાસમાં ઘટાડો થયો છે. આ તમામ પડકારોને પહોંચી વળવા પ્રયાસોને બેગણા કરવા પડશે. યુપીએ સરકાર નવમાં વર્ષમાં પ્રવેશી રહી છે. આના પર અમને ગર્વ છે. આ ગાળામાં સામાજિક અને આર્થિક નીતિ નિર્માણના મામલામાં ઘણી સફળતા હાંસલ કરવામાં આવી છે. મહાત્મા ગાંધી ગ્રામિણ રોજગાર ગેરેન્ટી યોજના, દેશના દરેક નાગરિકને આધાર કાર્ડ વિતરણ કરવાની ખાસ યોજના, ગ્રામિણ આરોગ્ય મિશન, જવાહરલાલ નહેરુ શહેરી નવીનીકરણ મિશન, કૌશલ વિકાસ મિશન જેવી ઘણી સફળ યોજના અમલી બનાવાઈ છે. તેમણે કહ્યુ હતુ કે આ ગાળા દરમિયાન જોરદાર વિકાસ પણ જોવા મળ્યો છે જેથી સામાજિક ક્ષેત્રે ખર્ચ વધારવામાં આવ્યો છે. શિક્ષણ, રોજગાર, કૃષિ જેવા ક્ષેત્રોમાં નવી પહેલ કરવામાં આવી છે.

# ઓટોના શેરમાં તેજીની વચ્ચે સેન્સેક્સમાં નોંધપાત્ર સુધાર

મુંબઈ, તા.૧

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. ઓક્ટોબર મહિનામાં વાહનોના વેચાણમાં વધારો થતા શેરબજારમાં તેની અસર જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૫૬ પોઈન્ટ સુધરીને ૧૮૫૬૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટ સુધરીને ૫૬૪૫ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૮૫૮૯ અને ૫૬૫૦ની સપાટીએ રહ્યા હતા. વૈશ્વિક મોરચે એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. યુરોપિયન શેરબજારમાં તેજી સાથે શરૂઆત થઈ હતી. ઘરઆંગણે બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં છ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. ઓટો, રિયાલિટી, પાવર, હેલ્થકેર, મેટલ, કેપિટલ ગુડ્સ સહિત ઘણામાં એકથી બે ટકાનો સુધારો રહ્યો હતો. જો કે બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન તાતા મોટર્સના શેરમાં સૌથી વધુ એક ટકાનો ઉછાળો નોંધાયો હતો. આગામી ચાર વર્ષના ગાળામાં તાતા મોટર્સ મહાકાય કંપની



બનીને ઉભરી શકે છે તેવી વાત ગઈકાલે ગોલ્ડમેન દ્વારા કરવામાં આવ્યા બાદ તેમાં સુધારો રહ્યો હતો. ઓટો, પાવર, હેલ્થકેર સહિતના ઘણા શેરોમાં સુધારો રહ્યો હતો. કનઝ્યુમર ડ્યુરેબલના ક્ષેત્રમાં પણ સ્થિતિ સારી રહી હતી. ટાઈટનમાં ૧૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. નેટ પ્રોફિટમાં ૨૧ ટકાનો ઉછાળો નોંધાયા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી.

આઈટીના શેરની વાત કરવામાં આવે તો વિપ્રોમાં ત્રણ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. સિપ્લા, સનફાર્મા, ભેલ અને આઈસીઆઈસી બેંકમાં નફો જોવા મળ્યો હતો. કારોબાર દરમિયાન બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૯ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે જે શેરમાં ઉલ્લેખનિય તેજી રહી હતી તેમાં જેટ એરવેઝનો સમાવેશ થાય છે તેમાં ચાર ટકાનો સુધારો જોવા મળ્યો હતો.